પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૧૪૨ | ૧ ઓગસ્ટ, ૨૦૧૯, ગુરવાર; અષાઢ વદ - ૦)) | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦



વડોદરામાં જળબંબાકાર... મેઘરાજા રાજ્યભરમાં મહેર કરી રહ્યા છે. દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્ર બાદ મેઘરાજાની સવારી વડોદરામાં આવી પહોંચી હતી. ચાર-પાંચ કલાકમાં તો આખું વડોદરા જળબંબાકાર થઈ ગયું. છેલ્લા અહેવાલ પ્રમાણે અમદાવાદમાં પણ બુધવારની સાંજે મેઘરાજા મન મૂકીને વર્ષ્યા. છેક વૈષ્ણોદેવી સુધી મેઘરાજાની મહેર થઈ. હવે આ મેઘરાજા વાજતે ગાજતે ગાંધીનગર પધારે એવી સૌ ગાંધીનગરવાસીઓની અરજ છે...

### આઝમ ખાનના પુત્ર અબ્દુલ્લાને કસ્ટડીમાં લેવાયા

રામપુર, તા. ૩૧

સમાજવાદી પાર્ટીના દિગ્ગજ નેતા આઝમ ખાનના પુત્ર અને ધારાસભ્ય અબ્દુલ્લા આઝમ ખાનને રામપુર પોલીસે આજે કસ્ટડીમાં લઈલીધા હતા. પોલીસ જોહર યુનિવર્સિટીમાં ચોરી થયેલા પુસ્તકોના મામલામાં તપાસ કરવા માટે પહોંચી હતી. એવો આક્ષેપ કરાયો છે કે, અબ્દુલ્લા આઝમ ખાને પોલીસની કાર્યવાહીમાં અડચણો ઉભી કરવાના પ્રયાસો કર્યા હતા. અબ્દુલ્લાની સામે મંગળવારના દિવસે બોગસ વય પ્રમાણપત્ર લગાવીને પાસપોર્ટ હાંસલ કરવાનો આક્ષેપ પણ કરવામાં આવ્યો હતો. આ આક્ષેપ મામલામાં એફઆઈઆર દાખલ કરવામાં આવી ચુકી છે. રિપોર્ટના કહેવા મુજબ પોલીસ જોહર યુનિવર્સિટીમાં પુસ્તકોના ચોરીના મામલામાં દરોડા પાડી રહી છે.

# હાઈકોર્ટના સિટિંગ જજ સામે પ્રથમ કેસ


**સુપ્રિમ કોર્ટના ચીફ જસ્ટીસ રંજન ગોગોઈએ જસ્ટીસ શુક્લા વિરૂદ્ધ એફઆઈઆર દાખલ કરવાની મંજૂરી આપી, સીબીઆઇ તપાસ કરશે, ભ્રષ્ટાચાર નિરોધક કાનૂન હેઠળ કાર્યવાહી થશે**

ન્યુ દિલ્હી,તા.૩૧

સુપ્રીમ કોર્ટના મુખ્ય ન્યાયાધીશ રંજન ગોગોઈએ અનેપક્ષિત નિર્ણય લીધો છે. તેમણે સીબીઆઈને અલ્હાબાદ હાઈકોર્ટના જજ એન. શુકલા વિરુધ્ધ સ્મ્મ્જી પાઠ્યક્રમમાં એડમિશન માટે કથિત રીતે ખાનગી મેડિકલ કોલેજોના પક્ષ લેવાનો આરોપમાં ભ્રષ્ટાચાર નિરોધી કાનૂન હેઠળ મામલે કેસ દાખલ કરવાની મંજૂરી આપી દીધી છે. આ ઈતિહાસમાં પ્રથમ વખત છે કે જ્યારે કોઈ કાર્યરત જજ વિરુદ્ધ સીબીઆઇ તપાસ કરશે.

જેના કારણે ૩૦ વર્ષ પહેલા સુપ્રીમ કોર્ટના ૨૫ જૂલાઈ, ૧૯૯૧ના રોજ કોઈપણ તપાસ એજન્સીને સુપ્રીમ કોર્ટ કે હાઈકોર્ટના કોઈપણ જજ વિરુધ્ધ હૈંઈ દાખલ કરવા પર રોકી દેવામાં આવ્યાં હતા અને જણાવવામાં આવ્યું હતું કે તપાસ એજન્સીએ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને મામલા સાથે જોડાયેલા પુરાવા બતાવ્યા વિના કોઈપણ સીટીંગ જજ વિરુધ્ધ હૈંઈ દાખલ કરવાની મંજૂરી આપવામાં આવશે. ૧૯૯૧ પહેલા કોઈપણ તપાસ એજન્સીએ કોર્ટના સિટિંગ જજ વિરુધ્ધ તપાસ કરી નહીં.

આ પ્રથમ વખત છે કે જ્યારે ચીફ જસ્ટિસે સિટિંગ જજ



વિરુધ્ધ તપાસ એજન્સીને હૈંઈ દાખલ કરવાની મંજૂરી આપી છે. સીબીઆઈ જલ્દી જજ શુકલા વિરુધ્ધ કેસ દાખલ કરશે.

એવુ માનવામાં આવી રહ્યું છે કે ભ્રષ્ટાચાર નિરોધી અધિનિયમ હેઠળ તેમની ધરપકડ કરવામાં આવી શકે છે.

તપાસ એજન્સીએ સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટીસ રંજન ગોગોઈને પત્ર લખીને આ મામલે તપાસ કરવાની મંજૂરી માગી હતી. સીબીઆઈના નિદેશકે સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસને પત્રમાં લખ્યું હતું કે, ઉત્તર પ્રદેશના અલ્હાબાદ, લખનઉ પીઠ, હાઈકોર્ટના જજ નારાયણ શુકલા અને અન્ય વિરુધ્ધ સીબીઆઈ તત્કાલીન સીજેઆઈ દીપક મિશ્રાની સલાહ પર ત્યારે પ્રારંભિક તપાસ દાખલ કરી હતી.

જ્યારે જજ શુકલાના કથિત ગેરવર્તન મામલાને ધ્યાનમાં લેવામાં આવ્યો હતો. ગત મહીને સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ રંજન ગોગોઈએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને પત્ર લખીને જજ શુકલાને હટાવવા માટે સંસદમાં પ્રસ્તાવ લાવવા જણાવ્યું હતું.

૧૯ મહિના પહેલા પૂર્વ ચીફ જસ્ટીશ દિપક મિશ્રાએ પણ આવી જ ભલામણ કરી હતી. જ્યારે એક આંતરીક સમિતિએ જસ્ટીશ શુકલાને દોષિત ગણ્યા હતા. આ મામલો ૨૦૧૭માં બહાર આવ્યો હતો.

### આસામ-બિહારમાં પુરથી કફોડી હાલત

ગુવાહાટી-પટણા,૩૧

બિહાર અને આસામાં પુરની સ્થિતી ખુબ ગંભીર બનેલી છે. બંને રાજ્યોમાં જનજીવન સંપૂર્ણપણે ખોરવાઈ ગયુ છે. નીચાણવાળા વિસ્તારોમાં સ્થિતિ ખરાબ થયેલી છે. બિહારમાં વધુ ત્રણ લોકોના મોત થતાં સત્તાવારરીતે મોતનો આંકડો ૧૩૦ ઉપર પહોંચ્યો છે જ્યારે બિન સત્તાવારરીતે મોતનો આંકડો ૨૧૦ ઉપર પહોંચ્યો છે. દરભંગા અને સુકોલમાં બે-બે લોકોના મોત થયા છે. રાજ્યમાં હજુ પણ ૧૩ જિલ્લાઓમાં પુરની અસર થયેલી છે અને ૮૮ લાખ લોકો સકંજામાં છે. બીજી બાજુ પટનાથી પ્રાપ્ત અહેવાલ મુજબ બિહારના ૧૩ જિલ્લાઓમાં પણ પુરની સ્થિતિ ગંભીર બનેલી છે. ઉત્તારીય વિસ્તારોમાં નેપાળના વિસ્તારોમાં થઈ રહેલા ભારે વરસાદના કારણે પાણીની સપાટી વધી ગઈ છે. ૧૩ જિલ્લાઓમાં પુરની સ્થિતિ સર્જાઈ ગઈ છે.

## ન્યુઝ ટ્રેક

### સુપ્રિમના જજોની સંખ્યા વધારાશે

કેન્દ્રિય કેબીનેટે સુપ્રિમ કોર્ટમાં જજોની સંખ્યા ૧૦ ટકા વધારવા માટે મંજૂરી આપી દીધી છે. આ મંજૂરી બાદ હવે સુપ્રિમ કોર્ટમાં ચીફ જસ્ટીસ સિવાય ૩૩ જજ રહેશે. આ અંગેનું બીલ સંસદમાં ટુંક સમયમાં રજૂ કરાશે.

### જમ્મુ-કાશ્મીરમાં પણ અનામત

જમ્મુ-કાશ્મીર બાબતે કેન્દ્ર સરકારે મોટો નિર્ણય લીધો છે. દેશભરમાં લાગુ સામાન્ય વર્ગના ૧૦ ટકા અનામતનો નિયમ હવે જન્મુ-કાશ્મીરમાં પણ લાગુ થશે. આર્થિક આધાર પર નોકરીઓ અને શિક્ષણમાં ૧૦ ટકા અનામતની જોગવાઈ લાગુ કરવામાં આવતા જમ્મુ-કાશ્મીરના મધ્યમવર્ગીય યુવાનોને ફાયદો થશે.

### દિલ્હીમાં વીજળી સસ્તી

દિલ્હીવાસીઓને વીજળીના બીલમાં હવે ખૂબ રાહત મળશે. દિલ્હી વિદ્યુત આયોગે ફિક્સ ચાર્જીસમાં ઘટાડો કર્યો છે. જેના કારણે ઘરેલુ ઉપભોકતાઓના વીજ બીલમાં દર મહિને રૂ. ૧૦૫ થી ૭૫૦ની કમી આવશે.

### એરફોર્સે યુદ્ધ આધારીત ગેમ લોન્ચ કરી

ભારતીય વાયુસેનાના વડા એર ચીફમાર્શલ બીએસ ધનોઆએ એક ગેમ લોન્ચ કરી હતી. યુદ્ધ આધારિત આ ગેમ લોન્ચ થતા જ યુવાનોમાં લોકપ્રિય બનવા માંડી છે. આ ગેમનો મુખ્ય હેતુ યુવાનોને ભારતીય વાયુસેનામાં જોડાવા માટે પ્રેરણા મળે તેવો છે.

# CCD માલિક સિદ્ધાર્થનો મૃતદેહ આખરે નેત્રાવતી નદીમાંથી મળ્યો

**નેત્રાવતી નદી પુલ પરથી કૂદકો મારીને આપઘાત કરી લીધો હોવાના પ્રાથમિક તારણો : પોસ્ટમોર્ટમ રિપોર્ટનો ઇંતજાર : કોર્પોરેટ જગતમાં જોરદાર ચકચાર**

મેંગલોર,તા. ૩૧

જુદી જુદી અનેક તપાસ સંસ્થાઓને આવરી લઈને છેલ્લા ૩૦ કલાકથી ચાલી રહેલી વ્યાપક શોધખોળ બાદ આખરે આજે સવારે લાપતા થયેલા કાફે કોફી ડે (સીસીડી)ના માલિક વીજી સિદ્ધાર્થનો મૃતદેહ મળી આવ્યો હતો. મૃતદેહ મળતાની સાથે જ સિદ્ધાર્થને લઈને ચાલી રહેલી તમામ અટકળોનો અંત આવી ગયો હતો. સિદ્ધાર્થનો મતૃતેહ હોયગે બજારની નજીક મુલિહિતલુ દ્વિપની પાસે મળી આવ્યો હતો. તેમનો મૃતદેહ બેંગ્લોરથી ૩૫૦ કિલોમીટરના અંતરે સ્થિત મેંગ્લોરના પરા વિસ્તારમાં સ્થિત નેત્રાવતી નદીમાંથી મળી આવ્યો હતો. એમ માનવામાં આવે છે કે, તેઓ નેત્રાવતી નદીમાં પુલ પરથી નદીમાં કુદી ગયા હતા અને કુદીને આત્મહત્યા કરી હતી. સિદ્ધાર્થ લાપતા થયા બાદ શોધખોળ ચાલી રહી હતી. સૌથી પહેલા તેમના ડ્રાઈવર દ્વારા સિદ્ધાર્થ લાપતા હોવાની માહિતી આપી હતી. ૬૦ વર્ષીય સિદ્ધાર્થના કાર ચાલક બસવરાજ પાટિલે કહ્યુ હતુ કે મેંગલોરમાં એક પોલીસ સ્ટેશનમાં મામલો દાખલ કરવામાં આવ્યો હતો. સાથે સાથે કહ્યુ હતુ કે તેમના માલિક પુલતી લાપતા છે. જ્યાં તેઓ કારમાંથી ઉતરી ગયા હતા અને થોડાક સમય માટે ચાલવા માંગતા હતા. ડ્રાઈવરના કહેવા મુજબ સિદ્ધાર્થે નેત્રાવતી નદીના પુલ પર ગાડી રોકાવી હતી. સિદ્ધાર્થે એ વખતે કહ્યુ હતુ કે તેઓ થોડાક સમય માટે ફરવા માંગે છે. ડ્રાઈવરે કહ્યુ હતુ કે સિદ્ધાર્થે તેમને પુલના અન્ય કિનારા પર તેમની રાહ જોવા માટે કહ્યુ હતુ . કલાક સુધી પણ પરત ન ફરતા ડ્રાઈવરે પરિવારને જાણ કરી હતી. પોલીસને શંકા હતી કે સિદ્ધાર્થ વહેતી નદીમાં કુદી ગયા હતા. સમગ્ર મામલામાં હવે ઉંડી તપાસ કરવામાં આવી રહી છે. દેશની સૌથી મોટી કોફી ચેઈન કાફે કોફી ડેના સ્થાપક સિદ્ધાર્થ સોમવારના દિવસથી જ લાપતા થયેલા હતા. તેમની શોધખોળ મોટા પાયે ચાલી રહી હતી. લાપતા થતા પહેલા સિદ્ધાર્થે તેમના પત્રમાં તેમની સામે રહેલી અનેક સમસ્યાનો ઉલ્લેખ કર્યો હતો.

● અનુસંધાન પાના - ૭ પર

# ધોનીએ જમ્મુ કાશ્મીરમાં મોરચો સંભાળી લીધો છે

નવી દિલ્હી, તા. ૩૧

ભારતીય ક્રિકેટ ટીમના પૂર્વ કેપ્ટન અને સેનામાં લેફ્ટી કર્નલ મહેન્દ્રસિંહ ધોનીની સૈન્ય ડ્યુટી આજથી શરૂ થઈ ગઈ હતી. ધોની પહેલાથી જ કહી દીધું છે કે તે વેસ્ટઈન્ડિઝના પ્રવાસમાં સામેલ થનાર નથી. સૈન્ય ટ્રનિંગમાં હોવાના કારણે ધોનીએ સેનાના અધ્યક્ષ બીપિન રાવતની પણ મંજુરી લઈ લીધી છે.



૧૫ દિવસ સુધી કાશ્મીરમાં આતંકવાદ વિરોધી યુનિટમાં તૈનાત રહેશે. ધોની સ્વતંત્રતા દિવસ પણ ત્યાં જ મનાવશે. ધોની ૧૦૬ ટેરિટોરિયલ આર્મી બટાલિયન પેરા કમાન્ડર યુનિટમાં તૈનાત છે. તેની તૈનાતી ખીણના અવંતીપોરામાં કરવામાં આવી છે. આ ગાળા દરમિયાન તે પેટ્રોલિંગ, ગાર્ડ અને પોસ્ટની ફરજ અદા કરશે.

ધોની કુલ ૧૯ કિલો વજન લઈને પેટ્રોલિંગ કરનાર છે જેમાં વર્દીની સાથે સાથે એકે ૪૭ અને અન્ય ચીજોનું વજન સામેલ છે. ધોનીને શરૂમાં ત્રણ દિવસ મૂળભૂત ટ્રેનિંગ આપવામાં આવશે જેમાં સેનાના સંદર્ભમાં માહિતી આપવામાં આવશે. ફાયરિંગ શીખવાડવામાં આવશે. ધોનીએ

ભારતીય ટીમના પ્રથમ કેપ્ટન કર્નલ સીકે નાયડુ ૧૯૨૩માં હોલ્કરરોજાના આમંત્રણ ઉપર ઈન્દોર પહોંચ્યા હતા. તેમની સેનામાં કર્નલ તરીકે નિમણૂંક કરવામાં આવી હતી. આની સાથે લેફ્ટી કર્નલ હેમુ અધિકારીની ટેસ્ટ કેરિયર બીજા વિશ્વયુદ્ધના કારણે મોડેથી શરૂ થઈ હતી. આ ઉપરાંત સર ડોન બ્રેડમેન સેનામાં કામ કરી ચુક્યા છે. ધોનીથી પહેલા અનેક મહાન ક્રિકેટરો સેનામાં ફરજ બજાવી ચુક્યા છે. લેફ્ટી એમએસ ધોની મોરચો સંભાળી ચુક્યો છે. સ્વતંત્ર દિવસને લઈને પણ તે આશાવાદી છે. ૧૦૬ ટેરિટોરિયલ આર્મી બટાલિયન કમાન્ડર તરીકે તે રહેનાર છે. ધોની અતિમહત્વપૂર્ણ જવાબદારી અદા કરવા જઈ રહ્યો છે.

# ભ્રષ્ટાચાર સંબંધિત કેસમાં ફારુક અબ્દુલ્લાની કઠોર પુછપરછ

ચંદીગઢ, તા. ૩૧

જમ્મુ કાશ્મીર ક્રિકેટ એસોસિએશનના થયેલા કૌભાંડને લઈને એસોસિએશનના પૂર્વ પ્રમુખ ફારુક અબ્દુલ્લાની એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ દ્વારા આજે આકરી પુછપરછ કરવામાં આવી હતી. બીસીસીઆઈ તરફથી રાજ્યમાં ક્રિકેટ સાથે જોડાયેલી સુવિધાઓના વિસ્તાર અને ખેલાડીઓની સહાયતા માટે ફાળવવામાં આવેલી રકમમાં કરોડો રૂપિયાના કૌભાંડના આરોપોનો સામનો ફારુક અબ્દુલ્લા સહિત અન્ય હોદ્દેદારો કરી રહ્યા છે. ક્રિકેટ એસોસિએશનમાં થયેલા કૌભાંડ પર સીબીઆઈએ આ મહિનામાં જ ચાર્જશીટ દાખલ કરી હતી. ચાર્જશીટમાં નેશનલ કોન્ફરન્સના સાંસદ ફારુક અબ્દુલ્લાને પણ આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે. જે સમયે કૌભાંડ થયું હતું ત્યારે અબ્દુલ્લા પ્રદેશ ક્રિકેટ એસોસિએશનના પ્રમુખ તરીકે હતા. આ મામલાની તપાસ પહેલાથી જ પોલીસ દ્વારા કરવામાં આવી રહી છે પરંતુ હાઈકોર્ટે પારદર્શિતાના અભાવમાં તપાસ સીબીઆઈને સોંપી દીધી હતી. જમ્મુ કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાની સાથે તત્કાલિન મહાસચિવ મોહમ્મદ સલીમ ખાન, કોષ અધ્યક્ષ અહેસાન અહેમદ મિર્ઝા, જેએન્ડએના બેંકના કર્મચારી બસીર અહેમદ પર પણ આક્ષેપ મુકવામાં આવ્યા છે. જમ્મુ કાશ્મીરના નાગરિક હોવાના કારણે આ તમામ ઉપર જુદી જુદી કલમ હેઠળ તપાસ કરવામાં આવી રહી છે.

લીલાવતી આંખની હોસ્પિટલ
સમય બદલેલ છે
હવે સોમ થી શનિ
સવારે ૯ થી ૧ અને સાંજે ૫ થી ૮
ડો. પાર્થ એન. ખત્રી
(M.B.B.S., M.S.Co.O.)
B. J. Medical Ahd.
પહેલો માળ, શ્રદ્ધાદીપ લેબોરેટરીની ઉપર, ઘ-૪ પાસે, સેક્ટર-૧૬, ગાંધીનગર

ACHIEVE OVERSEAS CONSULTANCY IELTS કોચીંગ
સ્પેશીયલ લેડીઝ બેચ
● આવો તમારા સપનાને સાકાર કરીએ (તમારા સપનાની નજીક એક પગલું આગળ આવો)
● તમારુ ૮ ૭ ૭ ૭ નું લક્ષ્યાંક પ્રાપ્ત કરો (તમારા સપનાના સ્કોર લાવો ૮, ૭, ૭, ૭)
● સ્પોકન ઈંગ્લીશના અલગથી ક્લાસીસ લેવામાં આવશે.
ફ્રી ડેમો ક્લાસ
આજે જ જોડાવો અને તમારા સપના સાકાર કરો.
બીજો માળ, આર વર્લ્ડ, સેક્ટર-૧૬, ગાંધીનગર. ૮૯૮૦૭૨૩૫૩૩ / ૦૭૯-૨૩૨૨૩૫૩૩

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225